સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

કરાવે મનમાન્યા નિર્ણય, ગરબે નચાવે છે,
'ફ્રી' લૂંટવામાં તંત્ર સામે દાંત કચ-કચાવે છે.
બચાવે અનેક સમસ્યાથી કરી દે 'ભીડ' ભેગી
શિક્ષણનાં સંગઠ્ઠનો તો હવે શોર મચાવે છે
(બધી બાબતમાં વાંધા-વચકા કાઢે છે)

હાઈકુ

'સંગઠ્ઠન'નાં
અણીદાર શિંગડાં -
તંત્ર બિચારું!

'હું ગૌ તમારી'
સંગઠ્ઠન 'ડણકે'
ભાંભરે 'સિંહ'

ચિંતન

સારં મહાજન સંગ્રહઃ પીડયતિ ॥

ઉપરોક્ત શ્લોક સૂત્ર 'ચાણક્ય નીતિ' માંથી લેવામાં આવેલ છે.

અનેક લોકોનુંટોળું રાજકાર્યના ઉદ્દેશને નષ્ટ કરે છે.

કોઈ પણ રાજકાર્યમાં મહાજનસંગ્રહ એટલે કે અનેક લોકોને નિમંત્રણ એ કાર્યના ઉદ્દેશને નષ્ટ કરી નાખે છે. રાજકાર્ય તો વિદ્વાનોની સલાહથી જ કરવું જોઈએ. રાજય કે સરકાર ચલાવવા માટે સમાન વિચારસરણી ધરાવતી વ્યક્તિઓ જ જોઈએ. ભિન્ન વિચારસરણી ધરાવતી વ્યક્તિઓનો સમુહ ધરાવતું શાસન દીર્ઘજીવી નીવડતું નથી.

જૂદા જૂદા સિદ્ધાંત અને ઉદ્દેશવાળા અનેક પક્ષોનું ગઠબંધન નિશ્ચિત ધ્યેયને પ્રાપ્ત કરી શકતું - સલાહકાર સમિતિઓનાં સૂચન પણ કાર્યસિદ્ધિને પ્રાપ્ત કરી શકતાં નથી. રાજયમંડળમાં નિષ્ણાંત-વિષય-જ્ઞાનીઓ જ પોતાનાં ખાતાંને સ્વતંત્ર વિચાર શ્રેણીથી સફળ બનાવી શકે...

સુવિચાર

- દુનિયા મેં ઝુઠે લોગ કો બહે હુનર આતે હૈં... સચ્ચે લોગ તો ઈલ્ઝામ સે હી મર જાતે હૈ - **બાદશાહ કાસિમ**
- અજાણ્યો મારગ, પૂર વાળી નદી, સાધુના સુકૃત્ય અને સતિઓના સતનો તાગ લેવો નહીં - **ધર્મલોક**
- 'ઓછામાં ઓછું કેટલું તૈયાર કરવાથી પરીક્ષામાં પાસ થવાય' એમ નહીં પણ 'મારાથી વધારેમાં વધારે કેટલું તૈયાર કરી શકાય' એ જ સાચી વૃત્તિ છે - **ફ્રાઘર વાલેસ**
- આપણી પ્રાર્થના બધા લોકોના કલ્યાણ માટે હોવી જોઈએ કારણ કે આપણું ભલું શેમા છે તેની ઈશ્વરને પૂરેપૂરી જાણ છે - **સોક્રેટિસ**
- અગ્નિ વન બાળતો હોય ત્યારે પવન તેનો મિત્ર થાય છે પરંતુ તેજ પવન દીવાને હોલવી નાખે છે, અર્થાત્ દુર્બળ અવસ્થામાં કોઈ સહાયક બનતું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- એકનું એક દૃશ્ય બે જણને સાવ જુદું જુદું દેખાઈ શકે છે, તમામ સંજોગોમાં આ સનાતન સત્ય ક્રિયાશીલ હોય છે તેથી હઠાગ્રહ ન રાખવો - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : હળદર, ફટકડી અને આમલીના પાન સરખા ભાગે લઈ વાટીને એની પોટીસ બનાવી આંખ પર રાખવાથી આંખની બળતરા મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક ધનવાને પોતાના ઘરની બહાર પડેલા કચરાના ડબ્બામાંથી કંઈક ખાવાનું શોધીને ખાતો એક માણસ જોયો. ધનવાને તરત ઈશ્વરને પ્રાર્થના કરી 'થેન્ક ગોડ, હું ગરીબ નથી, અને મને સવાર-સાંજ જમવાનું મળી રહે છે.' પેલો કચરા પેટીમાંથી ખાવાનું શોધતા માણસે ગલીમાં એક અર્ધનગ્ન અવસ્થામાં બુમો પાડતો એક પાગલ માણસ જોયો. આ દૃશ્ય જોઈ પેલા ગરીબે ઈશ્વરને પ્રાર્થના કરી,'થેક્સ ગોડ - હું પાગલ નથી આજનું જમવાનું મને મળી ગયું છે.' પેલા પાગલ માણસે રસ્તામાં એકબાજુ કોઈ રોગીને લોહીની ઉલ્ટી કરતા જોયો. ત્યારે પેલા પાગલે પણ ઈશ્વરનો આભાર માન્યો કે 'થેન્ક ગોડ, હું અડધો પાગલ છું પણ મારું શરીર તો બિમાર નથી.' બે જણને મૃત્યુ પામેલા જોયા. તેણે ઈશ્વરને પ્રાર્થના કરી, 'થેક્સ ગોડ, હું જીવિત તો છું મને સારવાર મળી રહી છે. મૃત્યુ પામતા પહેલો તારો ખૂબ આભાર માનું છું.' આ જ જીવન સત્ય છે. મૃત્યુ પામેલો માણસ ઈશ્વરનો આભાર માની 'થેન્ક ગોડ' કહી શકતો નથી. એક નવો દિવસ આપનાર ઈશ્વરનો આભાર ન માનીએ !! ઈશ્વરે આપણા માટે જે સંજોગો સર્જ્યા છે તેનો હસીને સ્વીકાર કરો. આનંદથી પ્રેમથી જીવો અને રોજ ઈશ્વરને 'થેક્સ ગોડ' કહેતા રહો.

સજાગતા, સતર્કતા, સહાયનો પ્રશસ્ત માર્ગ

તંત્રીસ્થાનેથી...

ગરમી હજુ ગઈ નથી ને વરસાદ આવ્યો નથી ત્યાં વાવાઝોડું સમાચારોમાં આવી ગયું છે.

સોમવારે આગાહી થઈ કે એક વાવાઝોડું ગુજરાતના વેરાવળથી દક્ષિણ-પૂર્વ દિશામાં આકાર લઈ રહ્યું છે ત્યારથી જાણે વાવાઝોડા સિવાય કોઈ સમાચાર જ નથી. સરકારે તકેદારીનાં પગલાંરૂપે બેઠકોનો દોર આરંભ્યો ને મંગળવારથી તો સત્તાવાર રીતે જાહેર જનતાએ શું કરવું ને શું કરવું એવી સૂચનાઓ પણ આવી ગઈ.

આ સતર્કતા આવકાર્ય છે અને વાવાઝોડાથી હટીને સ્હેજ આડવાત કરીએ તો આટલી સતર્કતાની આવશ્યકતા દરેક દુર્ઘટના વખતી હતી, હોવી જોઈએ.

આ લખાઈ રહ્યું છે ત્યારે વાવાઝોડાના સમાચાર એ છે કે ગુજરાતના દરિયાકાંઠાથીત ૬૫૦ કિમી દૂર છે આ વાવાઝોડું અને તે ૧૧૦ કિમીની ઝડપે આગળ વધી રહ્યું છે. ૧૨ અથવા ૧૩ તારીખે આ વાવાઝોડું ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારને સ્પર્શે એવી વકી છે. વાવાઝોડું ગુજરાતને સ્પર્શે ત્યારે ૧૦૦ કિમીની ઝડપે પવન ફુંકાઈ શકે અને વરસાદ થવાની પણ સંભાવના ખરી.

સૌરાષ્ટ્ર ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગર સુધી આ વાવાઝોડાના કારણે વરસાદ પણ થઈ શકે એવીય આગાહી કરવામાં આવી છે.

સરકાર દ્વારા તકેદારીનાં પગલાં લેવા માટે સત્તાવાર સૂચનાઓ આપવામાં આવી છે. જેમ કે રહેઠાણની મજબૂતીની ખાતરી કરી લો, સમાચારો અને ચેતવણીઓ સતત સાંભળતા રહો, સ્થાનિક અધિકારીઓના સતત સંપર્કમાં રહેવા પ્રયત્ન કરો, ઢોર-ઢાંખરને ખૂંટેથી છૂટા કરી રાખો, આશ્રય લઈ શકાય તેવા ઊંચા સ્થળો ધ્યાનમાં રાખો, સુકો નાસ્તો-પાણી-ધાબળા, કપડાં અને પ્રાથમિક સારવારની કિટ સાથે રાખો, અગત્યના ટેલિફોન નંબર્સ હાથવગા રાખો વગેરે.

આ સાથે જ વાવાઝોડા દરમિયાન રાખવાનાં તકેદારીનાં પગલાં અને વાવાઝોડા બાદ કરવાની કાર્યવાહી અંગે પણ વિગતે સૂચના આપવામાં આવી છે.

જરૂરી છે કે આ સઘળી સૂચનાઓ પહેલાં તો નાગરિકોએ જાણી લેવી, સમજી લેવી અને તેમનો મહત્તમ પ્રચાર-પ્રસાર કરવો. અને બીજી તથા સૌથી અગત્યની વાત એ છે કે આ સઘળી સૂચનાઓ યાદ રાખીને જરૂર પડ્યે તેનો અમલ કરવો તથા કરવા માટે અન્યોને સમજાવવાં.

આપત્તિ ક્યારેય કહીને નથી આવતી અને આવે છે ત્યારે શું કરવું એ કોઈને સમજ નથી પડતી. કારણ કે આપત્તિ વ્યવસ્થાપન તંત્ર જેવી વ્યવસ્થા તો આપણે ત્યાં છે પરંતુ આપત્તિ વ્યવસ્થાપનની તાલીમ કે યોગ્ય જાણકારી સામાન્ય નાગરિકો પાસે નથી હોતી. આ કારણે જ્યારે આપત્તિ આવે ત્યારે રીતસર નાગરિકો ડરી જાય છે, ઘાંઘા થઈ જાય છે અને એ કારણે જાનમાલનું નુકસાન વધુ થાય છે. આ વખતે ટેકનોલોજીનો ઉપયોગ કરીને સરકારી તંત્રએ વહેલી આગાહી કરી દીધી છે, કહો કે સમયસરની આગાહી કરી દીધી છે ત્યારે તેને ધ્યાને લેવી એ જ સમયની માગ છે.

વાવાઝોડું વકી પ્રમાણે આવ્યું તો પહેલેથી સજ્જ રહેવામાં જ ડહાપણ છે. અલબત્ત, કુદરતી આપત્તિ સામે લડી નથી શકાતું એ ન્યાયે આપત્તિ આવી ગઈ અને ધારણા કરતાં મોટી કે જૂદી રહી તો પણ સજાગતા, સતર્કતા અને સહાયનો માર્ગ જ પ્રશસ્ત છે એ સૌએ યાદ રાખવું રહ્યું.

અમારા બંનેના સ્વભાવમાં આ આસમાન - જમીનનો તફાવત

નવાં કલેવર
નટવર હેડાઉ

આ આલિશાન હવેલીની એક માત્ર વારસ 'શ્રુતિ'. કોઈનું કંઈ સાંભળવા ટેવાયેલી જ નહીં એવી શ્રુતિ શ્રોફ. ખુબ જ ઋક્ષ સ્વભાવની સ્ત્રી. તેના ચહેરા પર કયારેય કોઈએ સ્મિત તો જોયું જ નહીં હોય. અને જોયું પણ કયાંથી હોય હસતાં તો જાણે આવડતું જ નથી. દાદાનો પૈસો, દાદાની હવેલી બધું તેને મળ્યું છે. લગ્ન કર્યા નથી. ઉંમર તો થઈ ગઈ હશે. લગભગ પિસ્તાલીસ વરસ જેટલી. તેને એકલા રહેવું ગમે છે. કોઈની સાથે જરૂરથી વધુ વાત કરવી ગમતી નથી. મારો અને તેનો થોડો પરિચય ખરો. જો કે અમારા બંનેના સ્વભાવમાં આ આસમાન - જમીનનો તફાવત. બિલકુલ વિપરીત.

તેની હવેલીની સર્વન્ટ ક્વાર્ટરમાં એક કુટુંબ વરસોથી રહે છે. લગભગ તેના દાદાજીના સમયથી, જે હવેલીને સાફસુફ રાખવાનું કામ કરે છે. પહેલાં તો પતિ-પત્ની બે હતા. સવારથી સાંજ સુધી પતિ હવેલીના બગીચાના છોડવાઓને પાણી સીંચે, ગોડ કામ કરે, મહેંદીને કાપીને સરખી કરે, નીંદામણ કચરા-પોતાં કરે, દિવાલોની ઝાપડ ઝૂપટ કરે નાનાં-મોટાં કામ કરી હવેલીને જીવંત રાખે.

વધતાં વધતાં તેનું કુટુંબ વધતું ગયું. છતાં બધાં ત્યાં જ રહેતાં હતા. બાળકોની ધમાચકડી અને ઘોંઘાટ શ્રુતિથી સહન થતો ન હતો. ઉપરથી સ્કૂલથી આવ્યા પછી સામે બગીચામાં કે મોટા આંગણામાં સંતાકુકડી, ફુટબોલ, ક્રિકેટ રમતા થતી બુમાબુમ શ્રુતિને બિલકુલ સહન થતી ન હતી, તે ચિડાઈ જતી. કયારેક બારીમાં આવી છોકરાઓને ધમકાવી નાખતી.

આ લોકો એ ખૂણામાં રહેલા સર્વન્ટ ક્વાર્ટરનો કબજો કરી રાખ્યો હતો. છોડતાં જ ન હતાં. ન તો તેમની પાસે કોઈ કાગળ હતો કે ન અધિકાર. છતાં વર્ષોથી તે રહેતાં હતાં.

શ્રુતિ એ ઘણીવાર તેમને ક્વાર્ટર ખાલી કરવા કહલું પણ કરતાં નહોતા. છેવટે કંટાળીને તેણે કોર્ટના કેસ દાખલ કરી દીધો.

છોકરાઓ બોલ રમતાં રમતાં ઉછાળીને બાલ્કનીમાં આવે તેને શ્રુતિ પાછો આપતી નહીં. બાલ્કનીના એક ખૂણામાં બહુ બધા બોલ ભેગા થઈ ગયા હતા છતાં શ્રુતિ તેમને આપતી નહીં. બાળકો ઉપર ખુબ ગુસ્સે રહેતી.

કોર્ટની નોટિસ આવી ગઈ હતી. શ્રુતિ જીતી ગઈ હતી. તે લોકોને ત્રણ મહિનામાં ઘર ખાલી કરી દેવાની નોટિસ હતી. જાતે ખાલી ન કરે તો પોલીસ દ્વારા ખાલી કરાવવામાં આવશે.

તેમની પાસે બીજો કોઈ વિકલ્પ ન હતો. જવું જ પડશે. છોકરાઓને બાપે ખુબ આજીજી કરી, ખુશામત પણ કરી પણ શ્રુતિ ટસની મસ ન થઈ. હવે એ દિવસ આવી ગયો. 'શ્રુતિ બહેન, અમે જઈએ છીએ.' બાળકોની માતા એ આવી કહ્યું.

શ્રુતિ કંઈ બોલી નહીં, બીજે દિવસે એક મોટી ટ્રક આવી. બધો સામાન તેમાં ભરી જતી રહી.

અચાનક શ્રુતિને એમ લાગ્યું કે જાણે બધું જ ખતમ થઈ ગયું. બે દિવસથી બાળકો આંગણામાં રમતાં દેખાતાં ન હતાં. શ્રુતિ એ બધા બોલ નીચે ફેંકી દીધા. પણ તેને કોઈએ હાથ લગાડ્યો નહીં. તેં લોકો જતાં રહ્યા હતા. હવે હવેલીમાં સૂનકાર વ્યાપી ગયો હતો. બાલ્કનીમાં એકલી શ્રુતિ ઊભી હતી. એકાન્ત તેને ખાઘા ધીતુ હતું.

અચાનક તે હિબકાં ભરી ભરી રડવા લાગી. પણ તેને જોનાર કોઈ ન હતું. સૂની હવેલી અને ઉપર ખુલ્લું આકાશ.

અચાનક તે હિબકાં ભરી ભરી રડવા લાગી. પણ તેને જોનાર કોઈ ન હતું, સૂની હવેલી અને ઉપર ખુલ્લું આકાશ...

કેટલીક વ્યક્તિઓ નફરત કરવામાં માહિર નથી હોતી

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

આમ જોઈએ તો કૃષ્ણા કપૂરને નરગીસ સાથે કોઈ જ પ્રકારનો સીધો સંબંધ ન હતો છતાં તેના પ્રત્યે ધિકકારની લાગણી થઈ હતી અને પછી એ લાગણી વિલીન પણ થઈ ગઈ હતી. આ ઉદાહરણ ઉપરથી એવું કહી શકાય કે વ્યકિત વ્યકિતના સંબધો અને ધિકકારની લાગણીને સીધો સંબધ હોય એવું લાગતું નથી. કોઈ વ્યકિત સાથે આપણને કોઈ જ પ્રકારનો સંબધ ના હોય તો પણ એ વ્યકિતને આપણે ધિકકાર કરવા લાગીએ એવું બની શકે. એવુ પણ બની શકે અને બનતું પણ હોય છે કે જે વ્યક્તિ સાથે આપણે સંબંધ હોય, એ વ્યકિત પ્રત્યે પણ ધિકકારની લાગણી ઉદભાવી શકે. આમ, સંબંધ હોય કે ના હોય, ધિકકારની લાગણી કોઈપણ વ્યકિત પ્રત્યે થઈ શકે છે.

કોઈ વ્યકિત સાથે આપણને ગાઢ સંબધ હોય, એકબીજા વિના રહી શકતા ના હોય એ અંગત કે અતરંગ સંબધોમાં પણ ક્યારેક એક ક્ષણ એવી આવી શકે છે કે અચાનક એ વ્યકિત પ્રત્યે આપણને ધિકકારની લાગણી થઈ આવે. અચાનક બે સંબધો વચ્ચે એક ઊંચી દીવાલ ઊભી થઈ જાય. એ ધિક્કારની લાગણી ઉદભવવાના કારણો ક્યારેક બંનેને ખબર હોય છે. ક્યારેક એક જ વ્યકિતને ખબર હોય છે તો ક્યારે બેમાંથી કોઈને ખબર નથી હોતી. આ છેલ્લી પરિસ્થિતી વધારે જોખમી છે કારણ કે ધિકકારની લાગણી શા માટે ઉદભાવી તેની ખબર ના હોય છતાં આપણે વ્યકિતને ધિકકારવા લાગીએ એ બંને વ્યકિત માટે વધારે પીડાદાયક હોય છે.

આપણી ધિક્કારની લાગણી પાછળ ક્યારેક એકાદ માત્ર નાની ઘટના જવાબદાર જ હોય છે. એક નાનો એવો બનાવ, એક નાની એવી ગેરસમજણ બે વ્યકિતને એકબીજાથી એટલા દૂર ફંગોળી દે છે કે પછી બંને માટે નજીક આવવું મુશ્કેલ તો ક્યારેક અશક્ય બની જતું હોય છે.

દરેક વ્યકિત ધિકકારની લાગણીને વિવિધ રીતે વ્યક્ત કરતી હોય છે. મોં મચકોડીને વ્યકિત સાથે વાત ના કરીને, વ્યકિતથી સતત દૂર રહીને, તેની સતત અવગણના કરીને, તેનું ખાનગીમાં કે જાહેરમાં અપમાન કરીને, તેમની સાથે સતત ઝગડા કરીને ક્યારેક મારઝૂડ કરીને તો ક્યારેક વ્યકિતની હત્યા કરીને પોતાની ધિકકારની લાગણી વ્યક્ત થતી હોય છે. ધિકકાર વ્યક્ત કરવાની વ્યકિતની રીત તેની તીવ્રતા ઉપર આધાર રાખતી હોય છે ધિકકારની લાગણી જયારે એકદમ તીવ્ર બને છે ત્યારે તેની વ્યક્ત કરવાની રીત પણ પરાકાષ્ટાએ હોય છે. આ ક્ષણ બંને વ્યકિત માટે ઘાતક નિવડી શકે છે.

આપણાં જીવનમાં ક્યારેક એવું બનતું હોય છે કે આપણે ઘણી બધી વ્યકિતઓને ધિકકારતા હોઈએ. ક્યારેક એ લાગણી આપણે ખુલ્લીને વ્યક્ત કરતાં હોઈએ છીએ, તો ક્યારેક એ લાગણી આપણાં જ મનમાં ઢબૂરાઈને પડી રહેતી હોય છે, ક્યારેક આપણે વ્યક્ત કરવા ના ઈચ્છીએ તો પણ જાણ્યે અજાણ્યે એ લાગણી આપણાં વાણી અને વર્તન દ્વારા વ્યક્ત થઈ જતી હોય છે જેની આપણને પણ ખબર હોતી નથી. લાગણી જો અવ્યક્ત જ રહીને મનમાં જ પડી રહે તો તે આપણને વધારે કોરી ખાય છે.

આપણે આપણી ધિકકારની લાગણી જો વ્યક્ત કરીએ તો જ એ વ્યકિત કે જેને આપણે ધિકકારતા હોઈએ તેને આપણી લાગણીની જાણ થાય, પણ જો એ લાગણી પ્રત્યક્ષ રીતે વ્યકત જ ના જ કરીએ તો સામેની વ્યક્તિ ને તેની કેવી રીતે જાણ થાય? આવું થાય તો આપણે તેને શા માટે ધિકકારીએ છીએ તેની પણ તેને ખબર ના પડે. એ વ્યકિતના આપણાં પ્રત્યેના વ્યવહાર હોય એવા જ રહે. આવું થાય ત્યારે આપણે તેને ધિકકારતા રહીએ, તેની પીડા પણ આપણે જ ભોગવતા રહીએ છીએ પણ તેનાથી જેની પેલી વ્યકિતને કોઈ જ ફર્ક પડતો નથી કારણ કે તેને તેની જાણ નથી.

કોઈપણ વ્યકિતને જયારે આપણે તીવ્રતાથી ધિકકારીએ છીએ અને એ લાગણી પણ તીવ્રતાથી વ્યક્ત કરીએ છીએ, ત્યારે જાણ્યે-અજાણ્યે આપણે ક્યારેક બેહૂદું, ક્યારેક ઘાતકી, ક્યારેક આપણને ના શોભે એવું વર્તન કરી બેસતા હોઈએ છીએ. આપણાં એવા વર્તનને કારણે સામેની વ્યકિતને પણ અસહ્ય પીડા પહોચડતા હોઈએ છીએ. આવું વર્તન કર્યા પછી ક્યારેક આપણને બેહદ અફસોસ થતો હોય છે અને ત્યારે સમય જતો રહ્યો હોય છે, પણ અફસોસ, ત્યારે સમય વીતી ગયો હોય છે, ત્યાં સુધીમાં ઘણું બધુ બદલાઈ ગયું હોય છે.

જેવી રીતે આપણે કોઈને નફરત કરતાં હોઈએ છીએ, ધિકકારતા હોઈએ છીએ એવી જ રીતે આપણે પણ કોઈની ધિકકારની લાગણીના ભોગ બન્યા હોઈએ એવું બને. કોઈ વ્યકિતની આપણાં પ્રત્યેની ધિકકારની પીડા આપણે પણ ભોગવી હોય એવું બને. એ પીડા જો આપણે સમજી શકયા હોઈએ તો જ આપણે જેને ધિકકારતા હોઈએ તેની પીડા સમજી શકીએ.

આપણે કોઈપણ કારણસર, કોઈપણ વ્યકિતને ધિકકારતા હોઈએ, તેના કારણની આપણને ખબર હોવી જરૂરી છે. ક્યારેક એવું બને કે કોઈપણ કારણ જ ના હોય છતાં આપણને કોઈ વ્યકિત પ્રત્યે ધિકકારની લાગણી થઈ આવી હોય. ક્યારેક કારણ એકદમ નજીવું હોય જેનું આપણાં સંબધોમાં કોઈ જ મહત્વ ના હોય છતાં એ કારણ ને લઈને ધિકાકારની લાગણી ઉદભવતી હોય. એ નજીવા કારણસર પણ ધિકકારની લાગણી ક્યારેક વધારે તીવ્ર બની જતી હોય છે. ક્યારેક સાવ ખોટા કારણસર આપણે જડભરતની જેમ એ કારણને વળગીને કોઈ વ્યકિતને નફરત કરવા લાગ્યા હોય, ક્યારેક વાજબી કારણસર પણ એવું થયું હોય. એ જે કઈ પરિસ્થિતી હોય, ધિકાકારની લાગણી આપણી જ અંદરથી જ ઉદભવતી હોય છે. તેના થકી આપણે જ સામેની વ્યકિત પીડા આપતા હોઈએ છીએ અને તેના થકી જ આપણને પણ પીડા થઈ હોય છે. ધિકકારની લાગણીનું ઉદભાવસ્થાન જો આપણે પોતે જ હોઈએ તો તેનું અંતિમ સ્થાન પણ આપણે શા માટે ના બની શકીએ ?

કૃષ્ણા કપૂરની જેમ ધિકાકારની લાગણી જયાથી ઉદભવી હોય ત્યાં જ તેને ભંડારી દઈએ તો? આપણે પણ કોને નફરત કરવામાં માહિર ના બનીએ તો?

નવું આર્થિક સર્વેક્ષણ યોગ્ય સમયના નિદાન જેવું બનશે

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ભારતની આંતરિક અને તેમા પણ આર્થિક પરિસ્થિતિની અંદર યોગ્ય સકારાત્મક પરિવર્તન લાવવાના મૂળભૂત હેતુથી હાલમાં જ સરકારે જાહેરાત કરી એ મુજબ બાર લાખથી વધુ સક્ષમ લોકોને કામ સોંપીને ભારતની વાસ્તવિક આર્થિક દશા શું છે તેની મોજણી કરવાની વાત કરી છે જો કે આ સર્વેક્ષણમાંથી કેટલાક ક્ષેત્રોને બાદ રાખવામાં આવ્યા છે. ઘણા વર્ષો બાદ આ સર્વેક્ષણની પ્રક્રિયા થઈ રહી છે. એ મોજુદા સરકારને યોગ્ય પ્રકારની આવશ્યક માહિતીઓ અને આંકડાઓ આપશે આ પ્રથમ નોંધપાત્ર એકશન પોઈન્ટ એટલા માટે કહી શકાય કે ઘણા વર્ષોથી સરકારી સૂત્રોના અહેવાલો ઉપર શંકા-કુશંકા થયા જ કરતી હતી અને હાલત જો સ્વીકારીએ તો ગંભીરતા પણ તીવ્ર જણાતી હતી જેમ કે છેલ્લા ૪૫ વર્ષમાંદેશમાં બેરોજગારી દર સૌથી વધુ નોંધાયો છે, બીજુ જીડીપી દર જે અનુમાનિત હતો તેના કરતા ઘણો નીચલી સપાટી પર રહ્યો અને એ તુલનાત્મક રીતે સ્વીકૃત લાગવામાં પ્રશ્નો હતા છતાં આ કડવી હકીકત રહી છે તેનું મૂળ કારણ ૨૦૧૬ની આર્થિક અને નવા કદમો ઉઠાવ્યા એ જોખમી હતા. નોટબંધી એ કોઈ નાનું કાર્ય ના હતુ તો જીએસટી પ્રથા દાખલ કરી એ પણ સાહસિક કદમ અને નવું જ કાર્ય હતું !

પ્રજાએ આ બંનેમાં રોષ તો દાખવ્યો જ હતો પરંતુ મહત્ત્વની મોટી જો કોઈ નોંધપાત્ર ચીજ હતી તો એ બધામાં નરેન્દ્ર મોદીની પ્રામાણિકતા અને દેશમાં કંઈક સારું થાય તે ભાવના લોકોએ નિહાળી ઉપરાંત તેમના આ સાહસ ઉપર વિશ્વાસ કર્યો. બે નંબરની કમાણી કર્તાઓ ઉપર એ વાતે પ્રજાએ ઘણો સહકાર દાખવ્યો અને વ્યવહારુ જે મુશ્કેલીઓ પડી તેનો ઉકેલ લાવવા માટે શાંતિ પણ રાખી !

ઈન્ટરનેટ આધારિત કાર્યપદ્ધતિનો સુચારું ઉપયોગ કઈ રીતે થાય તો ડિજિટલ ઈન્ડિયાના પ્લેટફોર્મ ઉપરથી આખો ઢાંચો મૂળથી જ બદલવામાં આવ્યો છે. આ પ્રકારના આયોજન અને કાર્યશૈલી અમલી થયા પછી કોઈ ટેક્સ ચોરી શક્ય રહી નથી. બેંક ખાતાઓમાં કે.વાય.સી.ની સાથે ખાતાને પાન નંબર અને આધાર કાર્ડ નંબરથી જોડવામાં આવ્યા એટલે ખૂબ જ ટેકનોલોજીના ઉપયોગથી સરકારને બોગસ પ્રૂફ મળતાં બંધ થયા વધુ પારદર્શિતા પણ આવી ગઈ છે. જેના કારણે ટેક્સ પેયર્સની સંખ્યા વધી ગઈ છે, આ નોંધપાત્ર પ્રગતિ કરી છે. પ્રજાને કોઈ પણ પ્રથા સામે વાંધો નથી પરંતુ તેમને ગુડ ગર્વનન્સ અને સદાચાર, સરળતા જોઈએ છે ! ચૂંટણી જે ૨૦૧૯ની હાલમાં ગઈ તે સૌથી મોંઘી સાબિત થઈ અંદાજે ૬૦,૦૦૦ કરોડ નો કુલ ખર્ચ થયો છે. ઘણી વાર એવું પણ લાગે છે આ દેશને દુશ્મનોની જરૂરત નથી એની લોકશાહી ટકાવવાની સિસ્ટમથી જ રાષ્ટ્ર બિમાર જ રહેશે !

બારે માસ ઈલેકશન આ દેશમાં ચાલ્યા જ કરે છે તેમા કોઈ વિકલ્પ શોધવાનો પ્રયાસ આવકાર્ય કહી શકાય તેમ છે. રોજગારી સર્જન ધીમું, ઉત્પાદન ક્ષમતાની કમી, ખરીદ શક્તિની ઓટ આ બધુ સાથે જોતા લાગી રહ્યું છે કે અર્થતંત્ર મંદ ગતિથી મંદિ તરફ જઈ રહ્યું છે. બહુધા ક્ષેત્રમાં ડિમાન્ડની કમી છે. ત્યારે સરકારે ખર્ચનું પ્રમાણ વધારવું પડે છે. ડિમાન્ડ ઊભી કરવામાં દેશની મધ્યસ્થ બેંક પણ પૉલિસીમાં બદલાવ દ્વારા પ્રયાસ કરતી હોય છે. આજે નવી મોજણી થશે તો કડવી સચ્ચાઈ પણ બહાર આવશે. જીડીપી દરની ચિંતા બરાબર છે. પરંતુ લોકોના ધંધા રોજગાર જે મંદ થઈ ગયા છે તેને ધક્કો મારવાનું આયોજન તાતિ જરૂરિયાત છે. મેગા સિટીઝનું રિયલ એસ્ટેટ મંદ છે જ ત્યાં જે મકાનો વેચાય છે તે બેંકની લોન્સવાળા વર્ગ સિવાયના બહુ નહીં! પ્રત્યેક પરિવારને ખર્ચા વધ્યા પણ આવકો વધી નથી એ જ મુળ સમસ્યા દેશમાં વ્યાપક છે. તેને ઢંઢોળવી પડે તેમ છે.

સરકારના નીતિ નિયમો મુજબ ગરીબી અને ગરીબીરેખા નીચે જીવતા ગ્રામીણ તથા શહેરી પરિવારો માટેનાં જે માપદંડ છે તેમાં પણ ખામીઓ રહી છે. ગરીબ કોને કહી શકાય ? આર્થિક પછાતપણાની વ્યાખ્યા ખરેખર કઈ છે ? આ બધા સવાલો માટે નવું આર્થિક સર્વેક્ષણ જરૂરથી મદદરુપ સાબિત થઈ શકશે. આર્થિક પ્રશ્નોના લીધે જ આપઘાતો, હત્યાઓ, છૂટાછેડા જેવા બનાવો નજર સામે આવતા રહે છે. પૈસો જ સુખ અને દુઃખનું સૌથી મોટું કારણ દેખાય છે. પૈસા નથી તો વંચિતપણાનું આંસુ અને પૈસો વધુ તો ઝઘડાથી શાંતિ ગાયબ આ વાત દેશના અર્થતંત્રને પણ લાગુ પડે છે. મોદીજી ચાહે છે કે દેશના છેવાડાના આદમી પાસે બધુ જ પહોંચે કોઈ વચ્ચેથી લાભ ઉઠાવે નહીં. ટેકનોલોજી દ્વારા ભ્રષ્ટ તત્ત્વોને નાબૂદ કરવાની ભરપૂર કોશિશ સરકાર કરી રહી છે તે સ્પષ્ટ બાબત માનવી જ પડશે. લોકો બધા પ્રકારના તૂત, તર્ક, નાટક, ભાવનાત્મક શોષણથી ત્રસ્ત થઈ ગયેલા છે માટે હવે સરકાર આખુ હોમવર્ક નવેસરથી કરી રહી છે !! રાજય પ્રમાણે સ્થિતિ વિવિધ છે અને જ્ઞાતિ-જાતિઓ પણ અલગ અલગ છે ત્યારે સાચી દશા અને દિશા જાણવાની આ એક પ્રામાણિક રીત સરકાર ઝડપથી અમલમાં મૂકી ત્યારબાદ જરૂરી ભરતી, પ્રમોશન્સ, મર્જર અને ખોટ કરનાર સરકારી એકમોનું પુનર્ગઠન અવશ્ય કરશે. હવે ભારત જરૂરથી બદલાઈ રહ્યું છે અને નવા ખ્યાલ તથા ખ્વાબને સમાજમાં યોગ્ય જગ્યા મળશે એ અપેક્ષા છે, નબળા ચોમાસાની સ્કાયમેટની આગાહીને ધ્યાનમાં લઈ હવે જાગીને કાર્ય કરીશું ?

શેર આસ્વાદ :
વાંસળી ની ફૂંકમાં શ્વાસ છે ?
એ ઉપર નીચે થતો અહેસાસ છે.